GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY
GCCI
ગુજરાત વેપારી મહામંડળ

# Gujarat Chamber of Commerce & Industry

75 Azadi Ka Amrit Mahotsav

Hemant Shah President | Pathik Patwari Sr. Vice President | Sanjeev Chhajer Vice President | Sachin Patel Hon. Secretary | Mahesh Puj Hon. Secretary (R) | Navroz Tarapore Hon. Treasurer

૩ ફેબ્રુઆરી, ૨૦૨૨ / 15152

**શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ**
*માનનીય મુખ્યમંત્રીશ્રી*
ગુજરાત રાજ્ય, સ્વર્ણિમ સંકુલ-૧
નવા સચિવાલય
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

**વિષયઃ કોરોના મહામારીની સુધરતી સ્થિતિને ધ્યાનમાં લેતા નિયંત્રણો હળવા કરવા બાબત.**

**સંદર્ભઃ તા.૨૮-૧-૨૦૨૨નો ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો હુકમ ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨.**

**માનનીય મુખ્યમંત્રીશ્રી,**

કોરોના મહામારીની સ્થિતિની સમીક્ષા કરી સરકારશ્રી દ્વારા વખતો વખત વેપાર-ઉદ્યોગને જરૂરી છુટછાટો આપવામાં આવે છે તે બદલ અમે આપશ્રીનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

હાલમાં કોરોનાની સ્થિતિ ફરી કાબુમાં આવેલ છે અને નવા કેસોમાં સતત ઘટાડો થઈ રહ્યો છે તેથી વેપાર-ઉદ્યોગના હિતમાં અગાઉના હુકમથી અમલ કરેલ નિયંત્રણોને હળવા કરવા જરૂરી જણાય છે. આથી આપશ્રીના તા.૪-૨-૨૦૨૨પછીના હુકમમાં નીચે મુજબની છુટછાટો આપવામાં આવે તેવી અમારી નમ્ર વિનંતી છે.

૧. રાત્રી કરફ્યૂનો સમય દરરોજ રાત્રીના ૧૨-૦૦ કલાકથી સવારના ૫-૦૦ કલાક સુધી કરવો.
૨. દુકાનો વાણિજ્યક સંસ્થાઓ તેમજ અન્ય વ્યાપારીક ગતિવિધિઓને રાત્રીના ૧૧-૦૦ કલાક સુધી ચાલુ રાખવા પરવાનગી આપવી.
૩. હોટલ/ રેસ્ટોરન્ટ્સને ૧૦૦% બેઠક ક્ષમતા સાથે રાત્રીના ૧૨-૦૦ કલાક સુધી ચાલુ રાખવાની પરવાનગી આપવી.
૪. લગ્નપ્રસંગ તેમજ તમામ પ્રકારના રાજકીય, સામાજીક, શૈક્ષણિક અને ધાર્મિક કાર્યક્રમો વિગેરે માટે મહત્તમ ૧૫૦ વ્યક્તિઓની મર્યાદાને વધારીને ૪૦૦ વ્યક્તિઓ સુધીની કરવી તેમજ ઓડીટોરીયમ અને એસેમ્બલી હોલમાં બેઠક ક્ષમતાના ૫૦% ની મર્યાદાને ૭૫% કરવી.
૫. પ્રાથમિક અને માધ્યમિક વિભાગની સ્કૂલોને ફરીથી ચાલુ કરવી.
૬. પબ્લીક તથા પ્રાઈવેટ બસ ટ્રાન્સપોર્ટમાં ૭૫% કાર્યક્ષમતાની મર્યાદાને ૧૦૦%ની કરવી.

ઉપરોક્ત સૂચનોને હાલની સુધરતી પરિસ્થિતિને ધ્યાનમાં રાખી વેપાર-ઉદ્યોગના હિતમાં સકારાત્મક નિર્ણય લેવા વિનંતી છે.

**આભાર સહ,**
**આપનો વિશ્વાસુ,**

**હેમંત એન. શાહ**
**પ્રમુખ.**

Shri Ambica Mills, Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad 380009, Gujarat, India.
+91-79-2658 2301/2/3/4
gcci@gujaratchamber.org
www.gujaratchamber.org
GCCIAhmedabad